# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**એસ્ટેટ ખાતું, મધ્યસ્થ કચેરી,**

બી-બ્લોક, ત્રીજો માળ, જુનું બિલ્ડીંગ, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧

**"અધિસુચના"**

ક્રમાંક : એસ્ટેટ/જનરલ/૨૦૨૩/૧

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની મુસદ્દારૂપ રીવાઈઝડ પાર્કિંગ પોલીસી તથા સુચિત "General Parking Control (Management) By-laws, 2023." મુસદ્દો પ્રસિદ્ધ કરવા અંગે.**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં વધતાં જતાં ખાનગી વાહનોને લીધે, શહેરમાં વાહનોની અવરજવર તથા ટ્રાફિકની સરળતા માટે તેમજ પાર્કિંગ વ્યવસ્થાપનની અને નિયમન અન્વયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારની મુસદ્દારૂપ રીવાઈઝડ પાર્કિંગ પોલીસી તેમજ પાર્કિંગ બાયલોઝ તૈયાર કરવામાં આવેલ છે.

ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૪૬૦ હેઠળ જાહેર જનતાના વાંધા/સૂચનો મેળવવા માટે અ.મ્યુ.કો. વિસ્તારની મુસદ્દારૂપ રીવાઈઝડ પાર્કિંગ પોલીસી તેમજ **સુચિત** "General Parking Control (Management) By-laws, 2023." ની દરખાસ્તને આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઉપરોક્ત અ.મ્યુ.કો. વિસ્તારની તૈયાર કરેલ મુસદ્દારૂપ રીવાઈઝડ પાર્કિંગ પોલીસી તથા સુચિત "General Parking Control (Management) By-laws, 2023." ની અધિસુચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેલ મુસદ્દાની એક નકલ એસ્ટેટ ઓફિસરશ્રીની કચેરી ખાતે ઉપરના સરનામે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા સારું ખુલ્લી મુકવામાં આવેલ છે. સદર મુસદ્દારૂપ પાર્કિંગ પોલીસીનીનો મુસદ્દો રાજ્ય સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્ર (ગેઝેટ)માં પ્રસિદ્ધ થયેથી એક માસની સમય મર્યાદામાં, પાર્કિંગ પોલીસીની સંબંધમાં લેખીત વાંધા અને/અથવા સુચનો એસ્ટેટ ઓફિસરશ્રી, એસ્ટેટ ખાતું, અ.મ્યુ.કો.ની કચેરી ખાતે લખી જણાવાશે તો તે લેખીત વાંધા/સુચનો અ.મ્યુ.કો. દ્વારા પાર્કિંગ પોલીસીનો મુસદ્દો ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ ૪૬૧ હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરતા પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી છે.

-Sd/-

મ્યુનિસિપલ કમિશનર

અમદાવાદ

નોંધ : સદર અધિસુચના નામ. રાજ્ય સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પાર્ટ-૨ માં તા.૨૬/૦૫/૨૦૨૩ના રોજ NO.75, VOL. : LXIV પાના નં.179 પર તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.